સમાજ સુરક્ષા ખાતાની દિવ્યાંગ ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાઓના કર્મચારીઓને ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
હુકમ ક્રમાંક-અપગ/૧૦૨૦૨૦/૪૦૭૭૦૨/છ.૧
સચિવાલય, ગાંધીનગર
તા.૧૯/૦૭/૨૦૨૧.

વંચાણે લીધા:-

(૧) નામદાર હાઈકોર્ટની એસ.સી.એ.નં. ૯૫૧૬/૨૦૧૮ નો તા.૧૨/૧૨/૨૦૧૮ નો ચુકાદો અને તે અન્વયે થયેલ કન્ટેમ્પ્ટ પીટીશન નં: ૪૫૦/૨૦૧૯, એસ.સી.એ.નં. ૭૧૭૧/૨૦૨૦ નો તા.૦૮/૦૬/ ૨૦૨૦ નો ચુકાદો, એસ.સી.એ.નં. ૭૪૨૦/૨૦૨૦ નો તા.૧૫/૦૬/૨૦૨૦ નો ચુકાદો, એસ.સી.એ. નં.૬૬૯૭/૨૦૨૦ નો તા.૨૯/૦૬/૨૦૨૦નો ચુકાદો તેમજ એસ.સી.એ.નં.૯૩૪૬/૨૦૨૦ નો તા.૧૯/૦૭/૨૦૨૦ નો ચુકાદો.

(૨) નાણાં વિભાગનો તા.૧૬/૦૮/૧૯૯૪ નો ઠરાવ ક્રમાંક:પગર/૧૧૯૪/૪૫/મ.

(૩) નાણાં વિભાગનો તા.૧૪/૦૮/૧૯૯૮ નો ઠરાવ ક્રમાંક:પગર/૧૦૯૮/૪૧/મ.

(૪) નાણાં વિભાગનો તા.૦૨/૦૭/૨૦૦૭ નો ઠરાવ ક્રમાંક:પગર/૧૦૨૦૦૭/૬૧૫/મ.

(૫) નાણાં વિભાગનો તા.૧૮/૦૨/૨૦૧૧ નો ઠરાવ ક્રમાંક:પગર-૧૦૨૦૦૯-૫૬/પ.એ.(મ).

(૬) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૨૮/૦૫/૨૦૦૪ નો ઠરાવ ક્રમાંક:મકમ-૧૦૨૦૦૪-ખા-૬૩-છ.

(૭) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૦૬/૦૪/૨૦૨૧ નો સરખા ક્રમાંકનો ઠરાવ.

(૮) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૦૬/૦૪/૨૦૨૧ નો સરખા ક્રમાંકનો ઠરાવ.

(૯) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૦૫/૦૨/૨૦૨૦ નો પત્ર ક્રમાંક :અપગ/૧૦૨૦૧૮/ ૪૯૪૩૩૦/છ.૧.

(૧૦)સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૧૮/૦૭/૨૦૨૦ નો પત્ર ક્રમાંક:અપગ/૧૦૨૦૨૦ /૧૯૪૭૯૮/છ.૧

(૧૧) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૨૬/૦૮/૨૦૨૦ નો પત્ર ક્રમાંક: અપગ/૧૦૨૦૨૦ /૧૯૧૬૧૨/છ.૧

(૧૨) નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરનો તા.૦૯/૦૯/૨૦૨૦ નો પત્ર જા.નં.અપગ/૨૦-૨૧/૫૯૩.

## હુકમ-

વંચાણે લીધેલ ક્રમાંક (૧) ઉપરની પીટીશનોના નામ. હાઈકોર્ટના ચુકાદાઓ અન્વયે વંચાણે લીધેલ ક્રમાંક (૯) થી (૧૧) ઉપરના વિભાગોના પત્રોથી આ પીટીશનોના પીટીશનર ગ્રાન્ટ ઈન એઇડ સ્વૈચ્છિક સંસ્થાઓના શિક્ષકો/કર્મચારીઓને ઉચ્ચત્તર પગાર ધોરણ મંજૂર કરવાની સૈધ્ધાંતિક મંજૂરી

આપવામાં આવેલ છે, જે અન્વયે નિયામકશ્રી, સમાજ સુરક્ષા દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક (૧૨) ઉપરના પત્રથી આ પીટીશનરો પૈકી કુલ-૧૧ પીટીશનરોનું વર્ગ-૨ નું ઉચ્ચત્તર પગાર ધોરણ મંજૂર કરવા બાબતે દરખાસ્ત કરવામાં આવેલ. વંચાણે લીધેલ ક્રમાંક (૬) ઉપરના વિભાગના ઠરાવ અન્વયે અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા.)ની અધ્યક્ષ સ્થાને તા.૧૦/૦૯/૨૦૨૦ ના રોજ વિભાગના સમિતિ ખંડમાં બેઠક યોજાયેલ હતી. સમિતિ દ્વારા કેસો પરત્વે થયેલ ભલામણો પરત્વે સમર્થન આપવા નાણા વિભાગને દરખાસ્ત કરેલ. નાણા વિભાગની મળેલ મંજૂરી અન્વયે વંચાણે લીધેલ ક્રમાંક (૭) ઉપરના ઠરાવથી ૯ કર્મચારીઓનું ઉચ્ચત્તર પગાર ધોરણ મંજૂર કરવામાં આવેલ છે. બાકી રહેલ બે કર્મચારીઓનું ઉચ્ચત્તર પગાર ધોરણ મંજૂર કરવા બાબતે નાણા વિભાગની મંજૂરી મળેલ છે, જે અન્વયે વંચાણે લીધેલ ક્રમાંક (૨) થી (૫) તેમજ નાણા વિભાગના ઉચ્ચતર પગાર ધોરણના વખતો-વખતના ઠરાવોની અનુસૂચિ-૧ મુજબનું પગાર ધોરણ ઉચ્ચતર પગાર ધોરણ તરીકે સ્પષ્ટતા / શરતો સાથે મંજૂર કરવાનું રહે છે, જે મુજબ નીચેના કોષ્ઠકમાં દર્શાવેલ ૦૨ કર્મચારીઓનું તેઓના નામ સામે દર્શાવેલ કોલમ (૪) મુજબ કોલમ (૫) માં દર્શાવેલ તારીખથી ઉચ્ચત્તર પગાર ધોરણ આથી મંજૂર કરવામાં આવે છે.

| ક્રમ | નામ અને હોદ્દો | કયા તબક્કાનું મળવાપાત્ર ઉચ્ચતર પગાર ધોરણ | મળવાપાત્ર પગાર ધોરણ | ઉચ્ચતર પગાર ધોરણ ક્યારથી મળવાપાત્ર તારીખ/રીમાર્કસ |
|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) |
| ૧ | શંકરભાઈ સોમાભાઈ ટંડેલ, ચિત્ર શિક્ષક | દ્વિતીય | ૬૫૦૦-૧૦૫૦૦ | ૦૧/૦૬/૧૯૯૮ |
| ૨ | બાબુભાઈ એસ. શાહ, સંગીત શિક્ષક | દ્વિતીય | ૬૫૦૦-૧૦૫૦૦ | ૨૪/૦૯/૨૦૦૨ |

વંચાણે લીધેલ ક્રમાંક (૮) ઉપરના ઠરાવ મુજબ શ્રી બાબુભાઈ શાહને પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ તા.૧૯/૧૧/૧૯૯૦ ને બદલે તા.૨૪/૦૯/૧૯૯૧ ની અસરથી મળવાપાત્ર થશે, જે બાબતે નિયામકશ્રી, સમાજ સુરક્ષાએ યોગ્ય કાર્યવાહી કરવાની રહેશે.

વંચાણે લીધેલ ક્રમાંક (૨) થી (૫) ઉપરના તેમજ વખતો-વખતના નાણા વિભાગના ઠરાવની જોગવાઈને આધીન રહીને પગાર બાંધણી અંગેના વિધિસરના હુકમો નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરે કરવાના રહેશે.

— ૩ —

ઉક્ત તમામ કર્મચારીઓ પાસેથી "તેઓને મળેલ ઉચ્ચતર પગાર ધોરણ, જો પગાર બાંધણી વખતે કે ત્યારબાદ વધું રકમનું ચુકવણું થયેલ હોવાનું જણાશે, તો તે ચુકવણું પરત કરશે" તે મુજબની લેખિત બાંહેધરી લેવાની રહેશે.

વધુમાં, ઉક્ત તમામ ગ્રાન્ટ ઈન એઈડ કર્મચારીઓ સરકારી કર્મચારી જેવા જ લાભો મેળવતા હોઈ, સરકારી કર્મચારીઓને લાગુ પડતાં સેવા વિષયક નિયમો જેવા કે, શિસ્ત અને અપીલ નિયમો, બદલી, રજા, ખાનગી અહેવાલો તથા અન્ય નિયમો સરકારશ્રી નક્કી કરે તે પ્રમાણે બંધનકર્તા રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૦૫/૦૭/૨૦૨૧ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( પ્રમેશ ગામેતી )
સેક્શન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા.)ના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી (સેવા), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં-૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સંબંધિત જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ ( નિયામકશ્રી, સમાજ સુરક્ષા મારફત )
- સંબંધિત જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ ( નિયામકશ્રી, સમાજ સુરક્ષા મારફત)
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- સિસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, વિભાગની વેબસાઇટ પર મુકવા સારુ.
- સંબંધિત કર્મચારીઓ ( નિયામકશ્રી, સમાજ સુરક્ષા મારફત )
- શાખા સિલેક્ટ ફાઇલ.